# વૈશ્વિક શૅરબજારોમાં કડાકાનું જોખમ, મંદીની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળશે

મુંબઇઃ નાણા મંત્રાલયે વૈશ્વિક શેરબજારોમાં સંભવિત કરેક્શન અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિભાગે ચેતવણી આપી છે કે શેરબજારમાં આવેલા એકતરફી બુલ રન અને સૌથી મહત્વનું કે ઓવરવેલ્યુએશનને કારણે આગામી સમયમાં બજારોમાં કડાકો આવી શકે છે અને આ કરેક્શનની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી શકે છે.

નાણા મંત્રાલયે ઓગસ્ટની માસિક આર્થિક સમીક્ષામાં જણાવ્યું છે કે કેટલાક દેશોમાં તાજેતરની મોનિટરી પોલિસી સંબંધિત જાહેરાતોને કારણે શેરબજારમાં તેજી છે અને હવે કરેક્શનની શક્યતા વધી ગઈ છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, જો જોખમ વધશે તો તેની અસર વૈશ્વિક સ્તરે જોવા મળશે. હકીકતમાં, વિકસિત દેશોમાં પણ મંદીની આશંકા તોળાઈ રહી છે. ભૌગોલિક રાજકીય સંઘર્ષો, વ્યાજદરમાં કાપના વૈશ્વિક ચક્રની શરૂઆત વગેરેને કારણે મુશ્કેલીઓ વધુ વધી શકે છે.

મંત્રાલયે સ્થાનિક અર્થતંત્રમાં પડકારો તરફ પણ ધ્યાન દોર્યું અને કેટલાક વિસ્તારોમાં વરસાદના અભાવ અને કૃષિ ઉત્પાદન પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત ઔકરી છે. જોકે, નાણા મંત્રાલયનું કહેવું છે કે જો હવામાનની ગંભીર અસર નહીં થાય તો ગ્રામીણ વિસ્તારોમાં આવક અને માંગમાં મજબૂતી આવી શકે છે.

અહેવાલ અનુસાર કેટલાક ક્ષેત્રોમાં દબાણના પ્રારંભિક સંકેતો પણ જોવા મળી રહ્યાં છે, જેમ કે પેસેન્જર વાહનોના વેચાણમાં ઘટાડો અને તેની ઇન્વેન્ટરીમાં વધારો થવો આમાંનું જ એક લક્ષણ છે. વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં શહેરોમાં એફએમસીજી વેચાણમાં પણ મંદી જોવા મળી હતી.

## ફોરેક્સ રિઝર્વ ૬૯૨.૩ અબજ ડૉલરની નવી ઊંચી સપાટીએ

મુંબઈઃ શેરબજારોમાં સતત વિક્રમી તેજીના દોરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ડોલરિયો રોકાણ પ્રવાહ ભારતમાં વહેતો થતો રહેતાં ભારતનું વિદેશી હૂંડિયામણ પુરાંત, ફોરેક્સ રિઝર્વ પણ વધીને ૬૯૨.૩ અબજ ડોલરની નવી રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યું છે. એક સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ૨.૮ અબજ ડોલરનો જંગી વધારો નોંધાયો છે. જ્યારે સોનાની પુરાંત પણ આ સપ્તાહમાં ૭૨.૬ કરોડ ડોલર વધીને ૬૩.૬ અબજ ડોલર પહોંચી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ ૨૦, સપ્ટેમ્બર ૨૦૨૪ના પૂરા થયેલા સપ્તાહ માટેના જાહેર કરેલા આંકડા મુજબ ભારતનું ફોરેક્સ રિઝર્વ-વિદેશી હૂંડિયામણની પુરાંત ૨.૮ અબજ ડોલર વધીને ૬૯૨.૩ અબજ ડોલરની નવી વિક્રમી ઊંચાઈએ પહોંચ્યું છે. આ સતત બીજા સપ્તાહમાં દેશના ફોરેક્સ રિઝર્વમાં વધારો થયો છે.અગાઉ ૧૩, સપ્ટેમ્બરના અંતના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ ૨૨.૩ કરોડ ડોલર વધીને ૮૯.૪૬ અબજ ડોલર પહોચ્યું હતું.

# શૅરબજારમાં સપ્તાહ દરમિયાન મેટલ શૅરો સૌથી વધુ લેવાલી અને ઉછાળો, માર્કેટ કૅપમાં ₹ ૬.૭ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં એકધારી તેજીનો માહોલ જોવા મળ્યો હતો. અલબત્ત અંતિમ સત્રમાં પીછેહઠ નોંધાઇ હતી. સાપ્તાહિક ધોરણે માત્ર એફએમસીજી ઈન્ડેક્સ નીચી સપાટીએ ગબડ્યો હતો, જ્યારે મેટલ શેરો સૌથી અધિક વધ્યા હતા. બીએસઇ પર લિસ્ટેડ કુલ શેરોના માર્કેટ કેપિટલમાં રૂ.૬.૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.




બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૪,૫૪૪.૩૧ પોઇન્ટના બંધ સામે ૧,૦૨૭.૫૪ પોઈન્ટ્સ (૧.૨૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૨૩ સપ્ટેમ્બર અને સોમવારે ૮૪,૬૫૧.૧૫ પોઇન્ટના સ્તરે ખૂલી એ જ દિવસે નીચામાં ૮૪,૬૦૭.૩૮ પોઇન્ટ સુધી અને ૨૭ સપ્ટેમ્બર અને શુક્રવારે ઉપરમાં ૮૫,૯૭૮.૨૫ પોઇન્ટ સુધી જઈ સપ્તાહને અંતે ૮૫,૫૭૧.૮૫ પોઇન્ટ પર બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૭૮.૪૧ લાખ કરોડ રહ્યું હતું, જે ૨૦ સપ્ટેમ્બરના શુક્રવારના અંતે રૂ. ૪૭૧.૭૧ લાખ કરોડ હતું. આમ બીએસઇ પર લિસ્ટેડ કુલ શેરોના માર્કેટ કેપિટલમાં રૂ.૬.૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૪૯ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૩૮ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૨ ટકા, બીએસઈ મિડકેપ ૦.૬૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૨ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૨૨ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૩.૨૪ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર એફએમસીજી ઈન્ડેક્સ ૦.૨૨ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મેટલ ૭.૧૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૫.૮૬ ટકા, ઓટો ૪.૩૪ ટકા, પાવર ૨.૪૪ ટકા, ઈન્ફ્રા ૧.૬૧ ટકા, રિયલ્ટી ૧.૫૫ ટકા, હેલ્થકેર ૦.૬૮ ટકા, ટેક ૦.૬૧ ટકા કેપિટલ ગુડ્સ ૦.૪૫ ટકા, બેન્કેક્સ ૦.૩૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૫ ટકા અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૧૩ ટકા વધ્યા હતા. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા પાંચ શેરો હતાઃ તાતા સ્ટીલ ૮.૬૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૭.૨૨, મારુતિ ૬.૫૨ ટકા, બજાજ ફિનસર્વ ૪.૬૬ અને સન ફાર્મા ૪.૨૮ ટકા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરો હતાઃ આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૫૮ ટકા, લાર્સન ૨.૪૨ ટકા, કોટક બેન્ક ૧.૭૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૫ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૭૭ ટકા. એ ગ્રુપની ૭૨૮ કંપનીઓમાં ૩૭૮ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૩૪૯ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧,૦૭૯ કંપનીઓમાંથી ૫૨૦ વધી હતી, ૫૫૫ ઘટી અને ચાર સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૨૪ સ્ક્રિપ્સ વધી હતી અને છ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૭૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૪ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૩૮ સ્ક્રિપ્સ વધી અને ૬૨ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૮૫ વધી, ૪૭ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૫૦ સ્ક્રિપ્સમાંથી ૩૯૫ વધી હતી, ૫૫૪ ઘટી હતી અને એક સ્થિર રહી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૧૧,૫૩૪.૬૩ કરોડની અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૧૦,૧૩૧.૨૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

# થાપણ વૃદ્ધિ કરતા ધિરાણની માગ વધવાથી દેશની બેન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારની ગંભીર પરિસ્થિતિ

મુંબઇઃ દેશની ૬૭ ટકા બેન્કોની થાપણોમાં ઘટાડા અને ધિરાણમાં વૃદ્ધિનો દોર ચાલુ રહ્યો છે, જે બેન્કિંગ સેક્ટર માટે સારી બાબત નથી. દેશની બેન્કિંગ નિયામક રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ આ અંગે અગાઉ જ ચિંતા વ્યક્ત કરી છે. બેન્કો દ્વારા આપવામાં આવતી લોનનો ગ્રોથ ડિપોઝિટ કરતાં વધવાથી દેશની બેન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારો ઉભા થાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ઉદ્યોગ સંગઠન ફિક્કી અને આઇબીએના સંયુક્ત રિપોર્ટમાં આ આશંકા વ્યક્ત કરાતાં ભલામણ કરવામાં આવી છે કે, લોન ગ્રોથ સાથે તાળો બેસાડવા ડિપોઝિટમાં વધારો અને લોન ખર્ચમાં ઘટાડો કરવો જરૂરી છે, તમામ બેન્કોએ હવે આ મુખ્ય એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરવા ભલામણ પણ કરી છે. રિપોર્ટ મુજબ, ૬૭ ટકા બેન્કોની કુલ ડિપોઝિટમાં ચાલુ ખાતા અને બચત ખાતાની ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો છે. બેન્કો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાછલા કેટલાક મહિનામાં ઊંચા અને આકર્ષક દરોના કારણે ફિક્સ્ડ ડિપોઝિટમાં વૃદ્ધિ નોંધાઈ છે. જાહેર સેક્ટરની ૮૦ ટકા બેન્કોએ ૨૦૨૪ના પ્રથમ છ માસમાં બચત અને ચાલુ ખાતા (કાસા)માં જમા રકમનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું. ખાનગી સેક્ટરની અડધાથી વધુ બેન્કોએ ચાલુ અને બચત ખાતામાં ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું.

આ સર્વેમાં સરકારી, ખાનગી અને વિદેશી બેન્કો સહિત કુલ ૨૨ બેન્કોએ ભાગ લીધો હતો, જે કુલ બેન્કિંગ ઇન્ડસ્ટ્રીમાં ૬૭ ટકા હિસ્સો ધરાવે છે. રિપોર્ટ અનુસાર, ૭૧ ટકા બેન્કોએ પાછલા છ મહિનામાં નોન-પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ)ના સ્તરમાં ઘટાડો નોંધાવ્યો છે. આ સમયગાળા દરમિયાન જાહેર ક્ષેત્રની ૯૦ ટકા બેન્કોની એનપીએમાં ઘટાડો થયો છે જ્યારે ૬૭ ટકા ખાનગી બેન્કોએ ઘટાડો દર્શાવ્યો છે. આ પાછળનું એક કારણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર પર સરકારના મૂડી ખર્ચને પ્રોત્સાહન આપવાનું હોઈ શકે છે. બેન્કિંગ ક્ષેત્રના અભ્યાસુઓ અનુસાર નવીનતાને પ્રોત્સાહન આપવા, સર્વિસ ડિલિવરીમાં સુધારો કરવા અને નાણાકીય સમાવેશને વધારવા માટે બેન્કો અને ફાઇનાન્શિયલ ટેક્નોલોજી કંપનીઓ વચ્ચેની ભાગીદારીમાં હજુ પણ અપાર સંભાવના છે.

# ભારત પર ચાઇનીઝ ડમ્પિંગનું વધતું જોખમ, આયાત ૧૦ અબજ ડૉલર વટાવી ગઇ

નવીદિલ્હીઃ ચીનની ડમ્પિંગ નીતિથી વિશ્વભરના દેશ ચિંતિત, જોખમ ભારત માટે પણ વધી રહ્યું છે. ઓગસ્ટમાં ચીનમાં ભારતની નિકાસ ૨૨.૪૪ ટકા ઘટીને એક અબજ ડોલર અને આયાત ૧૫.૫ ટકા વધીને ૧૦.૮ અબજ ડોલરના સ્તરે પહોંચી છે. ચાઈનીઝ પ્રોડક્ટો પર અમેરિકાના નવા ટેરિફ અમલી બનતા હવે ભારતમાં વધુ ડમ્પિંગ થવાની શક્યતા છે. સ્થાનિકો એકમોના હિતના રક્ષણ અને ઘરેલું બજારતંત્રને મજબૂત બનાવી રાખવા માટે અન્ય દેશોમાંથી થતી આયાત પર નજર રાખવી દરેક દેશે અત્યંત જરૂરી બની રહી છે. ખાસ કરીને જો આપણો સપ્લાયર દેશ ચીન હોય તો દિવસ-રાત જાગતા રહેવું પડે એમ છે. ચીનની ડમ્પિંગ નીતિથી ભારત સહિત એશિયા જ નહિ યુરોપ અને અમેરિકા પણ ચિંતિત છે. ચીનનું અર્થતંત્ર નિકાસ આધરિત જ છે. આ એકતરફી બિનજરૂરી સપ્લાયને ટાળવા માટે અમેરિકા હવે ચીની પ્રોડક્ટો પર ઈમ્પોર્ટ ડ્યૂટી લાદી છે. સોલાર પેનલ્સ, ઈલેક્ટ્રિક વાહનો, લિથિયમ-આયન બેટરી, સિરીંજ અને સ્ટીલ જેવી ઘણી ચાઈનીઝ પ્રોડક્ટો પર યુએસ ડ્યૂટીમાં ૨૭ સપ્ટેમ્બરથી વધારો અમલમાં આવી રહ્યો છે. અમેરિકામાં આ પ્રોડક્ટોની ડ્યૂટી વધતા ભારતમાં ચીન દ્વારા ડમ્પિંગનો ભય વધી શકે છે. ઊંચા ટેરિફને કારણે અમેરિકન માર્કેટમાં ચાઈનીઝ પ્રોડક્ટ્સની પહોંચ ઘટી રહી છે, તેથી ચિંતા વધી ગઈ છે કે ચીન નિકાસ માટે ભારત અને અન્ય બજારોને ટાર્ગેટ કરી શકે છે. ચીનમાંથી જો આ પ્રોડક્ટોનો ઘસારો વધશે તો ભારતીય ઉદ્યોગોને પડકારોનો સામનો કરવો પડી શકે છે. આ સ્થિતિમાં હવે સ્થાનિક કંપનીઓ ખાસ કરીને સ્ટીલ સેક્ટર અને બજાર નિષ્ણાંતો તથા પોલિસી મેકર્સ પણ હવે સરકાર સમક્ષ કડક પગલાં અને ઉંચા ટેરિફની અપેક્ષા રાખી રહ્યાં છે. સરકારે આ ઉત્પાદનોની દૈનિક આયાત પર નજર રાખવા માટે વાણિજ્ય વિભાગ હેઠળ વોર રૂમ સ્થાપિત કરવા જોઈએ.

ઇન્ડિયન સ્ટીલ એસોસિએશને કહ્યું હતુ કે ચીનમાંથી દેશમાં સ્ટીલની નિકાસ ૯૧ ટકા વધી હતી. આ વર્ષે પણ વધારો થયો છે. ચીન નિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતા અનેક સ્ટીલ આયાત કરતા દેશોએ ચાઈનીઝ સ્ટીલ પર નિયંત્રણો લાદી દીધા છે,પરંતુ ભારત હજી ગાઢ નિદ્રામાં છે. ઓગસ્ટના આયાત-નિકાસના આંકડા અનુસાર, ચીનમાં ભારતની નિકાસ ૨૨.૪૪ ટકા ઘટીને ૧ અબજ ડોલર થઈ છે, જ્યારે આયાત ૧૫.૫ ટકા વધીને ૧૦.૮ અબજ ડોલર થઈ છે.

# સેબીએ ૩૯ શેરદલાલ, સાત કોમોડિટી બ્રોકર્સ સહિત ૬૮ માર્કેટ મધ્યસ્થીઓની નોંધણી રદ કરી

મુંબઇઃ કેપિટલ માર્કેટ્સ રેગ્યુલેટર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ ૩૯ સ્ટોક બ્રોકર્સ, સાત કોમોડિટી બ્રોકર્સ અને ૨૨ ડિપોઝિટરી સહભાગીઓની નોંધણી રદ કરી છે. સેબીના આદેશો અનુસાર, આ કંપનીઓ જરૂરી નોંધણીની આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા બાદ શુક્રવારે તેમના રજિસ્ટ્રેશન રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સેબીએ નોંધ્યું હતું કે ૩૯ સ્ટોક બ્રોકર્સ અને સાત કોમોડિટી બ્રોકર્સ માન્ય સ્ટોક એક્સચેન્જના સભ્ય ના હોવા સાથે ડિપોઝિટરીના એક્ટિવ પાર્ટિસિપન્ટ પણ ના હોવા છતાં સેબી રજિસ્ટ્રેશનનો ખોટો દુરુપયોગ ના કરે એ માટે ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો છે. તેવી જ રીતે, ૨૨ ડિપોઝિટરી સહભાગીઓ કે જેમની નોંધણી રદ કરવામાં આવી હતી તેઓના ડિપોઝિટરીઝ સાથેના કરારો સમાપ્ત થઈ ગયા હતા. ડિપોઝિટરીઝ દ્વારા જાણ કરવામાં આવ્યા બાદ, સેબી એવા નિષ્કર્ષ પર આવ્યું કે આ સંસ્થાઓ હવે ડીપી રેગ્યુલેશન્સ, ૨૦૧૮ હેઠળ નોંધણીની શરતોને પૂર્ણ કરતી નથી.

આ રજિસ્ટ્રેશન રદ કરવાનું પ્રાથમિક કારણ સેબીના રજિસ્ટ્રેશનનો દુરુપયોગ અટકાવવાનું છે. આ કેન્સેલેશન છતાં, સેબીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્ટોક બ્રોકર્સ, કોમોડિટી બ્રોકર્સ અથવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ તરીકે તેઓએ લીધેલી અથવા લેવામાં નિષ્ફળ ગયેલી કોઈપણ કાર્યવાહી માટે આ એન્ટિટી હજુ પણ જવાબદાર છે. તેઓ સેબીને બાકી લેણાં અને વ્યાજની પતાવટ કરવા માટે પણ જવાબદાર છે.

જે ૩૯ સ્ટોક બ્રોકર્સનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું છે તેમાં બેઝલ સ્ટોક બ્રોકર્સ, રિફલેક્શન ઇન્વેસ્ટમેન્ટ્સ, સમપૂર્ન પોર્ટફોલિયો, વિનીત સિક્યોરિટીઝ, ક્વોન્ટમ ગ્લોબલ સિક્યોરિટીઝ, વેલઇન્ડિયા સિક્યોરિટીઝ, વ્રાઇસ સિક્યોરિટીઝ, ક્રેડેન્શિયલ સ્ટોક બ્રોકર્સ, અનયા કોમોડિટીઝ, અમ્બર સોલ્યુશન્સ, આર્કેડિયા સ્ટોક એન્ડ શેર બ્રોકર્સ, ડેસ્ટિની સિક્યોરિટીઝ અને સીએમ ગોએન્કા સ્ટોક બ્રોકસનો સમાવેશ થાય છે.

સાત કોમોડિટી બ્રોકર્સ કે જેમની નોંધણી રદ કરવામાં આવી છે તેમાં વેલ્થ મંત્ર કોમોડિટીઝ, સમપૂર્ણ કોમટ્રેડ, ચૈતન્ય કોમોડિટીઝ, બીવીકે પલ્સ ઓનલાઈન ટ્રેડિંગ કંપની, ઈન્ફોનિક ઈન્ડિયા ફાઈનાન્શિયલ સર્વિસીસ, ફાઈનાન્સિયલ લીડર્સ કોમોડિટીઝ અને વેલઇન્ડિયા કોમોડિટીઝનો સમાવેશ છે.

ઇન્ટિગ્રેટેડ સ્ટોક બ્રોકિંગ સર્વિસિસ, મૂંગીપા ઇન્વેસ્ટમેન્ટ્સ, એએસએલ કેપિટલ હોલ્ડિંગ્સ, એટલાન્ટા શેર શોપી, વેલ્થ મંત્ર, પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક, મેક્સ પ્લાનવેલ્થ સિક્યોરિટીઝ, બ્રાઇટ શેર્સ એન્ડ સ્ટોક્સ એ ૨૨ એન્ટિટીઓમાં સામેલ છે, જેમની ડિપોઝિટરી સહભાગીઓ તરીકે નોંધણી રદ કરવામાં આવી છે.

# પામતેલના ભાવમાં વાર્ષિક ૧૦ ટકાના વધારા સામે સોયા ઓઇલમાં નવ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ પામતેલનું ઉત્પાદન ઘટવાથી પામ ઓઇલે વિશ્વના સૌથી સસ્તા ખાદ્ય તેલ તરીકેનું સ્થાન ગુમાવી દીધું છે. અન્ય ખાદ્ય તેલના પુરતા પુરવઠાને કારણે પામના ખેડૂતો માટે પ્રતિકુળ સ્થિતિ ઉદ્ભવી છે. સૌથી મોટા ઉત્પાદકોમાં ઘટતા ઉત્પાદન અને અન્ય વિકલ્પના પુરતા પુરવઠાને કારણે પામ ઓઇલે વિશ્વના સૌથી સસ્તા ખાદ્ય તેલ તરીકેનું સ્થાન ગુમાવ્યું છે. વૈશ્વિક પુરવઠામાં ૮૫ ટકા હિસ્સો ધરાવતા ઇન્ડોનેશિયન અને મલેશિયન પામ વાવેતરો પડકારોનો સામનો કરી રહ્યા છે. નાના ધારકો વૃદ્ધ વૃક્ષોને કાપીને ફરીથી રોપવામાં અચકાતા હોય છે કારણ કે સોયાબીન માટે લગભગ છ મહિનાની સરખામણીમાં નવા વૃક્ષોને ફળ આવવામાં ચારથી પાંચ વર્ષનો સમય લાગી શકે છે. આ વર્ષે પામના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે યુએસ જેવા દેશોમાં સારા પાકની સંભાવનાને કારણે સોયાબીન તેલમાં લગભગ ૯ ટકાનો ઘટાડો થયો છે. દેશના ટોચના ખાદ્ય તેલ આયાતકારો. ઇન્ડોનેશિયાની બાયોડીઝલની માંગ પણ પામના ભાવને ટેકો આપશે. પામ ઓઇલનો ઉપયોગ કોમોડિટી પિઝા અને આઈસ્ક્રીમથી લઈને શેમ્પૂ અને લિપસ્ટિક સુધીની દરેક વસ્તુમાં જોવા મળે છે. એનિમલ ફીડ ઉત્પાદકો પણ તેનો એક ઘટક તરીકે ઉપયોગ કરે છે, જ્યારે કેટલાક દેશો પામને બાયોફ્યુઅલમાં પ્રોસેસ કરે છે.

મોસમી પુરવઠા અને માગના પરિબળો શરૂ થયા પછી પામ તેલનું બજાર સંતુલિત થઈ શકે છે.

## ઘરોના વેચાણમાં નોંધાયો ૧૧ ટકા ઘટાડો

મુંબઇઃ જુલાઇથી સપ્ટેમ્બરના સમયગાળામાં નવા પ્રોજેક્ટની સંખ્યાના ઘટાડા અને વાર્ષિક સરેરાશ ભાવમાં ૨૩ ટકાનો વધારો થવાને કારણે સાત મહત્ત્વના શહેરોમાં ઘરોનું વેચાણ ૧૧ ટકાના ઘટાડા સાથે ૧.૦૭ લાખ યુનિટ નોંધાયું હોવાનું એનારોકના રિપોર્ટમાં જણાવાયું છે. વર્ષ અગાઉ સમાનગાળામાં આ આંકડો ૧.૨૦ લાખ યુનિટનો હતો.

## યુકેમાં ભારતીય બ્રાન્ડને પ્રથમ ગોલ્ડ મેડલ

મુંબઇઃ વાઇલ્ડ હાર્વેસ્ટ બ્રુઇંગ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા અગ્રણી ઇન્ડિયન ક્રાફ્ટ સાઇડર બ્રાન્ડ એલ૭૪ ક્રાફ્ટ સાઇડરે, યુકેના લંડનમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ સાઇડર ચેલેન્જ ૨૦૨૪માં બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા છે.

## જીઓ બીપીનું ૫૦૦મું ઈવી ચાર્જિંગ સ્ટેશન

મુંબઇછ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ગ્લોબલ એનર્જી જાયન્ટ બીપીના ફ્યુઅલ અને મોબિલિટી જોઇન્ટ વેન્ચર જીઓ-બીપીએ ૫૦૦મા જીઓબીપી પલ્સ ઇવી ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના જાહેર કરી છે. આ કંપનીનું ૫૦૦૦મું પલ્સ ચાર્જિંગ પોઇન્ટ પણ બન્યો છે.

## ક્રેસંડા રેલવેના બીડીપીએલ સાથે કરાર

મુંબઇઃ ભારતના ઉત્તર ક્ષેત્રોમાં રિલાયન્સ કન્ઝ્યુમરની કેમ્પા તથા અન્ય બીવરેજ પ્રોડક્ટ્સના વેચાણ અને વિતરણ માટે ક્રેસંડા રેલવે સોલ્યુશન્સની પેટાકંપની, ક્રેસંડા રિટેલ સોલ્યુશન્સે ભારતીયમ ડિસ્ટ્રીબ્યુશન પ્રાઇવેટ લિમિટેડ (બીડીપીએલ) સાથે ડિસ્ટ્રીબ્યુશન કરાર કર્યો છે.

## સુઝલોન એનર્જીનું રેટિંગ ડાઉનગ્રેડ

મોર્ગન સ્ટેન્લીએ સુઝલોન એનર્જીના શેર ડાઉનગ્રેડ કર્યા છે. સરકાર એમએસપી અને ઇથેનોલના ભાવમાં વધારો કરવાની વિચારણાં કરી રહી હોવાના અહેવાલો વચ્ચે શુગર શેરોમાં આઠ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. રિલાયન્સ પાવરના શેરમાં પાંચ ટકાની અપર સર્કિટ લાગી હતી.

# શૅરબજારની અવિરત તેજીને કારણે એસઆઇપીમાં ₹ ૨૩,૫૪૭ કરોડનું વિક્રમી રોકાણ

નવી દિલ્હીઃ એક તરફ મોટાભાગના રોકાણકારો બેંકોમાં ફિક્સ ડિપોઝીટ્સ રાખવાનું ટાળી રહ્યા છે તો બીજી તરફ વધુ રિટર્ન મેળવવા માટે લોકો ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા સેગમેન્ટમાં જંગી રોકાણ કરી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી યોગદાન ઓગસ્ટમાં સતત બીજા મહિને રૂ. ૨૩ હજાર કરોડને વટાવી ગયું છે.

ઓગસ્ટમાં રોકાણકારોએ તેમાં રૂ. ૨૩,૫૪૭ કરોડનું રોકાણ કર્યું હતું, જે જુલાઈમાં રૂ.૨૩,૩૩૨ કરોડની તુલનાએ વધ્યું છે. ઇક્વિટી માર્કેટમાં મિશ્ર ટ્રેન્ડ તેમજ વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા જીઓ પોલિટીકલ ઇશ્યુ વચ્ચે પણ રોકાણકારોને ઇક્વિટી સાથે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રત્યે આકર્ષણ વધ્યું છે.

કંપનીઓ દ્વારા આવી રહેલા નવા ફંડ ઓફરમાં પણ રોકાણ પ્રવાહ ઝડપી વધી રહ્યો છે. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ ૩ ટકા વધીને રૂ. ૩૮,૨૩૯ કરોડ થયું હતું જે જુલાઈમાં રૂ. ૩૭,૧૧૩ કરોડ હતું. તે જ સમયે, સેક્ટોરલ અથવા તો થિમેટિક ફંડ્સમાં રોકાણ એક ટકા ઘટીને રૂ.૧૮,૧૧૭ કરોડ થયું છે.

આ સિવાય ઓગસ્ટમાં ઊક્જ્જઅને ફોકસ્ડ ફંડ્સ સિવાય તમામ કેટેગરીમાં રોકાણ જળવાઇ રહ્યું હતું જ્યારે ઊક્જ્જ ફંડ્સ અને ફોકસ્ડ ફંડ્સમાંથી સતત પાંચમા મહિને આઉટફ્લો ચાલુ રહ્યો હતો. ઓવરનાઈટ ફંડ્સમાં સૌથી વધુ રોકાણ નોંધાયું હતું.

ઓગસ્ટમાં લિક્વિડ ફંડમાં રૂ.૧૫,૧૦૫ કરોડનું રોકાણ હતું, જ્યારે જુલાઈમાં રૂ. ૪,૪૫૧ કરોડનું રોકાણ હતું. તે જ સમયે, રોકાણકારો ડેટ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી દૂર રહ્યાં છે. ઓગસ્ટમાં રૂ.૪૫,૧૬૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે જુલાઈ કરતાં ૬૨ ટકા ઓછું છે.

જુલાઈમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું રોકાણ નોંધાયું હતું. હાઇબ્રિડ ફંડમાં કુલ રોકાણ ૪૩ ટકા ઘટ્યું છે. ઓગસ્ટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા હતું જે જુલાઈમાં ૧૭,૪૩૬ કરોડ રૂપિયાનું થયું. મ્યુચ્યુઅલ ફંડ સંચાલન હેઠળની અસક્યામતો વધીને ૬૭ લાખ કરોડ પહોંચી છે.

મ્યુચ્યુઅલ ફંડની કુલ અસ્કયામતો અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ત્રણ ટકા વધીને રૂ. ૬૬.૭૦ લાખ કરોડ પહોંચી છે જે જુલાઈમાં રૂ. ૬૪.૬૯ લાખ કરોડ હતી. ફંડ મેનેજરે હતું કે રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડમાં એકસાથે રોકાણ કરવા માટે એનએફઓ પસંદગીનો માર્ગ છે કારણ કે તે નિશ્ચિત સમયગાળા માટે રોકાણ કરવાની સુવિધા પૂરી પાડે છે.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ વધીને રૂ.૧૬૧૧ કરોડ નોંધાયું છે જે જુલાઈના રૂ.૧૩૩૭ કરોડથી વધુ છે. આ વધારો આંશિક રીતે ઓગસ્ટ દરમિયાન સોનાના ભાવમાં થયેલા સુધારાને કારણે થયો હતો, જેણે રોકાણકારોમાં ખરીદીની પ્રવૃત્તિમાં વધારો કર્યો હતો. ફોલિયોની સંખ્યા ઓગસ્ટમાં ૨૦ કરોડને ક્રોસ કરી ગઈ છે જે જુલાઈમાં ૧૯.૮૪ કરોડ હતી.

# વૈશ્વિક સ્તરે ૮૨૨ ઇશ્યૂ મારફત ૬૫ અબજ ડૉલર એકત્ર કરાયા

મુંબઇઃ ગ્લોબલ સેકન્ડરી શેરમાર્કેટમાં તેજીના બુલરનનો ફાયદો કંપનીઓ પ્રાઈમરી માર્કેટમાં પણ ઉઠાવી રહી છે. એક બાદ એક મોટા આઈપીઓ બજારમાં પૈસા એકત્ર કરવા આવી રહ્યાં છે અને નાનાથી લઈને મોટા તમામ રોકાણકારો તેને બહોળો પ્રતિસાદ પણ આપી રહ્યાં છે. ૨૦૨૪માં ઓગસ્ટ મહિના સુધીમાં જ ૮૨૨ જાહેર ભરણાં આવી ચૂક્યાં છે. લંડન સ્થિત ડેટા એનાલિટિક્સ ફર્મનો તાજેતરનો અહેવાલ સૂચવે છે કે કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ આઠ મહિના એટલે કે ઓગસ્ટ સુધી ૬૫ અબજ ડોલર એકત્ર કરવામાં આવ્યા છે.

૨૦૨૩ના ૧૫૬૪ લિસ્ટિંગ મારફત એકત્ર કરવામાં આવેલા ૫૫.૪ અબજ ડોલરની સામે ૨૦૨૪નો આ આંકડો વાર્ષિક ૧૭.૪ ટકાનો ઉછાળો દર્શાવે છે. આંકડાની દ્રષ્ટિએ આઈપીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ૨૦૨૪માં મોટા કદના ભરણાનું પ્રમાણ વધારે હતુ.

એશિયા-પેસિફિક (એપીએસી) ક્ષેત્રમાં સૌથી વધુ વ્યવહારો નોંધાયા હતા. કુલ ૫૭૫ આઈપીઓમાં કંપનીઓએ ૨૩.૭ અબજ ડોલર એકત્ર કર્યા હતા, જ્યારે ઉત્તર અમેરિકામાં ૨૫.૪ અબજ ડોલરના ૧૪૯ સોદા થયા હતા તેમ ગ્લોબલ ડેટાએ જણાવ્યું.

૨૦૨૪ના પ્રથમ આઠ મહિનામાં કુલ ૧૨.૨ અબજ ડોલરના ૨૨૭ આઈપીઓ સાથે એપીએસી માર્કેટમાં ભારત ટોચે રહ્યું છે. ભારતમાં આ સમયગાળામાં એસએમઈ આઈપીઓની ભરમાર રહી હતી. ૨૩.૧ અબજ ડોલરના ૧૩૩ સોદા સાથે યુએસ બીજા ક્રમે છે, જ્યારે ચીન ૫.૩ અબજ ડોલરના ૬૯ સોદા સાથે ત્રીજા ક્રમે છે.

ભારતમાં વર્ષના આ છેલ્લા ક્વાર્ટરમાં તો અનેક અગ્રણી કંપનીઓ - હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા, સ્વિગી, હેક્સાવેર ટેક્નોલોજીસ, એનટીપીસી ગ્રીન એનર્જી, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટાટા પ્લે અને વિશાલ મેગા માર્ટનો આઈપીઓ તો હજી આવવાનો બાકી છે. આ કંપનીઓ આઈપીઓ દ્વારા લગભગ રૂ. ૬૦,૦૦૦ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.